હિંદી બંધારણનું સાચું સ્વરૂપ

હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીનું પ્રકાશન

Printed by Jayant, S. Bhat at the New Age Printing Press, 190-B, Khetwadi Main Road, Bombay 4, and published by V. M. Kaul for the Communist Party of India, Raj Bhuvan, Sandurst Road, Bombay 4.

૧. બંધારણ સભાના ઘડવૈયાઓ

હિંદ પર રાજ્ય ચલાવવા માટે ઘડાયેલું બંધારણ, હિંદી બંધારણ સભામાં આખરી આકાર લઇ રહ્યું છે. કોંગ્રેસ નેતાઓએ આ બંધારણ, બંધારણ સભા સમક્ષ પેશ કર્યું છે.

સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થશે કે આ બંધારણ ઘડનારાઓ કોણ છે ? શું આમ જનતાના તેઓ સાચા પ્રતિનિધિ છે ? દેશની આઝાદીની લડત આગે ધપાવવા માટે ગામડાંઓના લાખો અને કરોડો કિસાનોએ, શહેરોના લાખો કામદારોએ તથા ગઢવાલી અને નાવિક બળવાના સૈનિકોએ અને સંખ્યાબંધ સામાન્ય સ્ત્રી પુરૂષોએ પોતાના લોહી વહાવ્યાં છે, ભયાનક જુલ્મો વેઠયા છે અને અનેક કુરબાનીઓ કરી છે. આજે જ્યારે હિંદના ભાવિ બંધારણના ઘડતરની વાતો થઈ રહી છે ત્યારે એ પ્રશ્ન પૂછવો જરૂરી છે કે શું આ આમ જનતાના પ્રતિનિધિઓ એ બંધારણ ઘડી રહ્યા છે ?

સાફ સાફ કહેવું પડશે કે **નહિ જ.** આમ જનતાને, જનતાના ૮૭ ટકા વિભાગનો એમાં રજ માત્ર અવાજ નથી. માત્ર ૧૩ ટકાના પ્રતિનિધિઓ એટલે ઉપલા વર્ગના પ્રતિનિધિઓ બંધારણ સભામાં બેઠા છે અને એમને ફાવે એવું બંધારણ ઉપલા વર્ગના આ પ્રતિનિધિઓ ઘડશે. જનતાએ તો માત્ર એને સ્વીકારવાનું જ રહેશે.

બંધારણ સભામાં કોણ છે ?

વાત આટલેથી જ નથી અટકતી. જનતાના ૧૩ ટકાએ પણ બંધારણ સભામાંના પ્રતિનિધિઓને સીધી રીતે ચૂંટયા નથી. રખેને સીધી ચૂંટણી દ્વારા જનતાના કેટલાક પ્રતિનિધિઓ ચૂંટાઇ આવે એ ડરે સીધી ચૂંટણીથી એમને બંધારણ સભામાં મોકલવામાં આવ્યા નથી. માત્ર પ્રાંતિક ધારાસભાઓના મુઠ્ઠીભર સભ્યોએ એમને ચૂંટી કાઢયા છે.

અને રજવાડાંઓને ખુશ કરવા માટે તો આ નાટક પણ પડતું મૂકવામાં આવ્યું છે. બંધારણ સભાના લગભગ અર્ધો અર્ધ (૪૦ ટકા) સભ્યો દેશી રાજ્યોમાંથી આવે છે. એમાંથી અર્ધા તદ્દન બોગસ ધારાસભાઓ દ્વારા આડકતરી રીતે પસંદ કરવામાં આવ્યા છે.

આમ સાફ રીતે દેખી શકાય એમ છે કે બંધારણ સભાનું ઘડતર એવું કરવામાં આવ્યું છે કે જેથી એ રજવાડાંઓ અને ઉપલા વર્ગોનું હથિયાર જ બની રહે. મોટા ભાગની જનતાનો એમાં કશો અવાજ નથી; એને તો માત્ર નિર્ણયનો અમલ કરવાનો રહે છે.

લોકોની છેતરપીંડી

બ્રિટિશ કેબીનેટ મિશનના સભ્યોથી માંડીને તે છેક પંડિત નહેરૂ અને કોંગ્રેસી નેતાઓએ જનતાના આ અધિકાર પર મૂકવામાં આવેલા પ્રહારને ન્યાયી ગણાવ્યો છે; કારણ કે પુખ્ત મતાધિકાર દ્વારા ચૂંટણી કરવામાં આવે તો બહુ સમય ચાલ્યો જાય એવું એમનું માનવું છે. પરંતુ એ જાણવું જરૂરી છે કે વર્તમાન બંધારણ સભાની ચૂંટણીને આજે ત્રણ વરસ થવા આવ્યા (૧૯૪૬ના જુલાઈમાં ચૂંટણી થઈ હતી) અને એ દરમિયાન માત્ર ૯૦ દિવસ જ તેમણે કામ કર્યું. એથી એક વાત સાફ બને છે કે પુખ્ત મતાધિકારની ચૂંટણી માટે આખું એક વરસ ચાલ્યું જાત તો પણ આ બંધારણ સભાએ વીતાવેલા સમય જોતાં એ સમય લાંબો ગણાત નહિ.

ખરૂં પૂછો તો બંધારણ સભાનું બિનલોકશાહી ઘડતર સમયના અભાવે નથી કરવામાં આવ્યું; પરંતુ, આમ જનતાને પોતાના દેશનું બંધારણ ઘડવાનો અધિકાર નહિ આપવા માટે કરવામાં આવ્યું છે.

૨. સૂચિત બંધારણનું ધ્યેય

લોકોને શું નહિ મળે ?

સૂચિત બંધારણના ચોથા ભાગમાં રાજ્ય નીતિના મુખ્ય સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. એમાં કલમ ૨૯માં જણાવવામાં આવ્યું છે કે:—

"કોઈ પણ કોર્ટ આ ભાગમાં જણાવેલી કલમોનો અમલ કરાવી શકશે નહિ." વાત સાફ છે કે રાજ્ય નીતિના મુખ્ય સિધ્ધાંતોના અમલ માટે રાજ્ય જવાબદાર રહેતું નથી અને જનતાને એ કલમોનો અમલ કરાવવાનો કોઈ અધિકાર રહેતો નથી.

આથી સ્વાભાવિક રીતે પ્રશ્ન થશે કે આ કલમોમાં એવું શું છે કે હિંદનું ભાવિ રાજ્ય એના મૂળભૂત બંધારણમાં પણ એનો અમલ કરવાની જવાબદારીનો સાફ ઈન્કાર કરે છે ? કલમ ૨૯–૩૮માં વિગતે એનું વર્ણન આપવામાં આવ્યું છે. એમાં, નાગરિકનો ગુજરાન ચલાવવાનો અધિકાર, જીવન વેતન, કામનો અધિકાર અને બેકારીમાં રાહત, મોટી ઉંમરે પેન્શન, મફત પ્રાથમિક કેળવણી, સારો ખોરાક અને જીવન ધોરણને ઉંચે લઈ જવાના અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અને આ કલમોનો અર્થ જ જનતાની સાચી આઝાદી. સોવિયેત સંઘ અને જન લોકશાહી (પૂર્વ યુરોપના દેશો)નાં બંધારણોમાં આ અધિકારોને મૂળભૂત અધિકારો ગણવામાં આવ્યા છે અને એનો અમલ કરવાની જવાબદારી રાજ્યની જ રહે છે. પરંતુ હિંદના બંધારણમાં એમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ અમલમાં મૂકવાની કાયદેસરની જવાબદારી સ્વીકારવામાં આવી નથી

એ જ કલમો (૨૯–૩૮) માં "અવામને નુકશાનકારક એવા મૂડીના તથા ઉત્પાદનનાં સાધનોના એકીકરણને રોકવાની" રાજ્યની જવાબદારીનો ઇન્કાર કરવામાં આવ્યો છે. ટુંકમાં આથી મૂડીવાદીઓ જનતાના શોષણ દ્વારા નફાના ગંજ ખડકયા કરશે અને વધુ ને વધુ કારખાનાંઓ અને મિલોને ઉત્તરોત્તર તેઓ એમના અંકૂશ હેઠળ લાવશે. અને આ રીતે મૂડી અને ઉદ્યોગો પર પોતાની મજબૂત પકડ જમાવી શકશે. અર્થાત મુઠ્ઠીભર ધનપતિઓ બેંકીંગ ને ઉત્પાદનના વર્તુળમાં ઇજારાશાહી સ્થાપી શકાશે.

વળી, આ કલમોમાં 'ઉત્તમ પ્રકારે જનતાનું હિત થઇ શકે એ માટે જનતાની સાધન સંપત્તિની માલિકી તથા અંકૂશ ને ઉત્પાદન વહેંચણી' કરવાની જવાબદારીમાંથી રાજ્યને મુકત કરવામાં આવ્યું છે. આનો સાફ અર્થ એ છે કે હિંદમાં ઇજારાશાહી મૂડીવાદી શોષણને બંધારણ ખુલ્લો પરવાનો આપે છે અને બેશરમ રીતે જાહેર કરે છે કે દેશની મૂડી અને સાધન સંપત્તિ મુઠ્ઠીભર મૂડીવાદીઓ પોતાના હાથમાં લાવવાનો પ્રયાસ કરે અને જન હિતને નુકશાન પહોંચાડે એની સામે કાયદેસરનો કોઇ બાધ નથી.

કોંગ્રેસનાં વચનો અને અમલ

પરંતુ ૧૯૪૬માં કોંગ્રેસે જનતાને ઉપરના વ્યવહાર કરતાં જુદા જ વચનો આપ્યાં હતાં. કોંગ્રેસના 'ચૂંટણી જાહેરનામા'માં સાફ જણાવવામાં આવ્યું હતું કે:

"હિંદના સૌથી મહત્વનો અને તત્કાળ જરૂરિયાતનો પ્રશ્ન એ છે કે જનતાની કંગાલિયત દૂર કરવામાં આવે ને એનું જીવન ધોરણ ઉંચું લાવવામાં આવે."

આ પ્રશ્નનો ઉકેલ લાવવા કોંગ્રેસે કાર્યક્રમ સૂચવ્યો હતો અને એનું "ધ્યેય જનતાને ફાયદો પહોંચાડવાનું હતું તથા એનું આર્થિક, સાંસ્કારિક અને આધ્યાત્મિક ધોરણ ઉંચું લાવવાનું હતું: બેકારી દૂર કરવાની હતી અને વ્યકિતના દરજ્જાને ભવ્ય બનાવવાનો હતો." એ ઉપરાંત વચન આપવામાં આવ્યું હતું કે: "ઘણાં ક્ષેત્રોમાં સામાજીક વિકાસને આગે ધપાવવા સંકલન કરવામાં આવશે તથા યોજનાઓ ઘડાશે; વ્યક્તિઓ અને જુથ્થોના હાથમાં મૂડી અને સત્તાનું એકીકરણ રોકવામાં આવશે; સમાજને નુકશાન કરતાં સ્થાપિત હિતોના વિકાસને અટકાવવામાં આવશે; ખાણો, વાહન વ્યવહાર, ઉત્પાદનનાં મુખ્ય સાધનો, જમીનની વહેંચણી, ઉદ્યોગો અને રાષ્ટ્રીય પ્રવૃત્તિના બીજા વિભાગો પર સામાજીક અંકૂશ લાવવામાં આવશે..." (કોંગ્રેસ ઇલેકશન મેનીફેસ્ટો ૧૯૪૫–૪૬, પાનું ૫)

પરંતુ આજે આ બધી જાહેરાતો અને વચનોને કચરાની ટોપલીમાં ફગાવી દેવામાં આવ્યાં છે. કોંગ્રેસના નેતાઓ બેશરમ રીતે એમના બંધારણમાં જનતાને કહે છે કે એમનું રાજ્ય એમના જીવન ધોરણને ઉંચું લાવવા માટે, બેકારીને દૂર કરવા માટે, તથા જમીન અને ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવા માટે

અથવા સ્થાપિત હિતોનો સામનો કરવા માટે જવાબદાર નથી. કોંગ્રેસનાં વચનો એમના સફેદ સ્વરૂપમાં રજૂ થઈ ગયાં છે. સાફ સાફ રીતે જોઈ શકાય છે કે આ વચનો જનતા પર આચરવામાં આવેલી છેતરપીંડી સિવાય બીજું કશું નથી.

આમ, જનતાને મૂળભૂત અધિકારો આપવાનો કોંગ્રેસી રાજ્ય ઇન્કાર કરે છે, છતાંયે આ અધિકારોને રાજ્યના મુખ્ય સિદ્ધાંતો તરીકે શબ્દોમાં અપનાવે છે ત્યારે જનતાની ક્રૂર મશ્કરી સિવાય એ બીજું કશું નથી. ફક્ત દોઢ વરસના એના રાજ્ય દરમિયાન આજના રાજકર્તાઓએ એમના મુખ્ય સિદ્ધાંતોની જનતાને બરાબર રીતે જાણ કરાવી દીધી છે. એમની રાજ્ય નીતિના મુખ્ય સિદ્ધાંતો દ્વારા તેઓએ રાષ્ટ્રીયકરણનો ઇન્કાર કર્યો છે; યુદ્ધ પહેલાનું જીવન ધોરણ આપવાનો પણ તેઓએ ઇન્કાર કર્યો છે; જનતાનાં ખોરાક, કપડાં, તંદુરસ્તી અને કેળવણીના ભોગે લશ્કરી અને કારોબારી ખર્ચ એકામ રીતે વધાર્યો છે, માલદારો પરના કરવેરા ઘટાડ્યા છે અને ગરીબ જનતા પર કરવેરા વધાર્યા છે. આ રીતે ખાત્રી કરાવી આપી છે કે રાજ્ય નીતિના આવા મુખ્ય સિદ્ધાંતો કાયદેસર રીતે અમલ કરવાની જોગવાઈ વિના જનતાની છેતરપીંડી કરવા તથા તેના અધિકારો છીનવી લેવાની યુક્તિઓ સિવાય બીજું કશું નથી.

આમ વાત સાફ બને છે કે બંધારણનું ધ્યેય જીવન વેતન આપવાનું નથી. તંદુરસ્તી, કેળવણી અને જનતાને આરામ આપવાનું નથી; કે ન તો એનું ધ્યેય સંખ્યાબંધને ભોગે થતું મુઠ્ઠીભર લોકોના હાથમાં મૂડીનું એકીકરણ રોકવાનું છે.

બંધારણનું ધ્યેય

તો પછી બંધારણનું મુખ્ય ધ્યેય શું છે? કોંગ્રેસ નેતાઓએ ઉઘાડે છોગ એની જાહેરાત કરવાની હિંમત કરી નથી. પરંતુ બંધારણનું ધ્યેય અને નીતિ નીચેના થોડાક દાખલાઓ પરથી સ્પષ્ટ બની જાય છે.

(૧) કલમ ૨ જણાવે છે કે: "કોઈ પણ મૂડી સ્થાવર કે જંગમ, પછી એ વેપારમાં રોકાયેલી હોય કે ઉદ્યોગમાં રોકાયેલી હોય એને જાહેર હેતુ માટે લઈ શકાશે નહિ"—અને જો એમ કરવું હશે તો પહેલાં વળતર આપવું પડશે. એટલે કે મૂડીવાદીઓ, જમીનદારો, રજવાડાંઓ અને સ્થાપિત હિતોને ઉદ્યોગમાંથી નફો મેળવવાની અને જમીનમાંથી ગણોત લેવાની કાયદેસરની છૂટ રહેશે. અલબત્ત રાજ્ય એમના આ સાધનો લઈ લેશે તો આ લોકોને વળતર રૂપે અગાઉથી મોટી રકમો આપશે અને એ પછી આ વધુ પડતા બોજા હેઠળ દબાયેલા સાધનોનું પોતે "રાષ્ટ્રીય કરણ" કર્યું છે એવું જાહેર કરશે!

સ્થાપિત હિતોને મળેલો શોષણનો આ પરવાનો છે. અને બેશરમ રીતે કોંગ્રેસ નેતાઓએ આ પરવાનાને 'જનતા'ના મૂળભૂત અધિકાર તરીકે બંધારણમાં ઉમેર્યો છે. હકીકતે શરમને નેવે મૂકીને તેઓએ મૂળભૂત ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણને

રોકવા માટે અને સ્થાપિત હિતોને વિકસાવવા માટે આ પગલું લીધું છે.

આ 'મૂળભૂત અધિકાર' બ્રિટિશ અને બીજા પરદેશી મૂડીવાદીઓને પણ આપવામાં આવ્યો છે. અમાનુષી શોષણ અને ઉઘાડે છોગ લૂંટ દ્વારા બ્રિટિશ મૂડીવાદીઓએ હિંદના અર્થતંત્રને કુંઠિત કર્યું છે. અને કલ્પી ન શકાય એવી કંગાળ દશામાં જનતાને મૂકી દીધી છે. **આ લૂંટને "આઝાદ" હિંદના બંધારણમાં કાયદેસર ગણવામાં આવી છે અને એ લૂંટેલી મિલ્કત પર એમની માલિકીને** (બ્રિટિશરો તથા બીજા પરદેશી મૂડીવાદીઓ) **દેશના મૂળભુત અધિકાર તરીકે ગણવામાં આવી છે.** અને વળી, બંધારણ, અમેરિકનો તથા બ્રિટિશ મૂડીવાદીઓને અગાઉથી વચન આપે છે કે તેઓ એમની મૂડી હિંદમાં રોકવા માગતા હોય તો એમની મૂડીનું રક્ષણ હિંદનો રાજકર્તા વર્ગ અવશ્ય કરશે.

(૨) કલમ ૯૨ (૩) માં કહેવામાં આવ્યું છે કે: "હિંદ સરકારને જે દેવાં તથા વ્યાજો વગેરે ભરવાનું હશે" એ રાજ્યના મહેસુલમાંથી ફરજીયાત રીતે ચૂકવવામાં આવશે અને પાર્લામેન્ટ પણ એના પર મત આપી શકશે નહિ.

સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય છે કે આ દેવાં કઈ પ્રકારનાં છે કે જેની ચૂકવણી માટે આટલી ઇંતેજારી બંધારણમાં વ્યક્ત કરવામાં આવી છે? આ દેવાં બ્રિટિશરોના શાસન દરમિયાન હિંદી સરકારે દમનરાજ ચલાવવા માટે કર્યાં હતાં. હિંદને ગુલામ બનાવવા માટે કરવામાં આવેલા દેવાંને વ્યાજ સહિત ભરપાઈ કરવાનું "આઝાદ" હિંદનું બંધારણ વ્યાજબી ઠરાવે છે!

વળી, રેલ્વે અંગેની વાર્ષિક રકમ પર નજર કરો. બ્રિટિશ શાહીવાદીઓએ અહીંની સાધન સંપત્તિનો આસાનીથી ફાયદો ઉઠાવવા માટે તથા હિંદ પર પોતાના લશ્કરી રાજના સકંજાને મજબૂત બનાવવા માટે હિંદમાં રેલ્વે શરૂ કરી હતી. આ રેલ્વેઓ દ્વારા તેઓએ બેસુમાર નફો હાંસલ કર્યો હતો. બ્રિટિશ શાહીવાદીઓએ રેલ્વેમાં જેટલી મૂડી રોકી હતી એનાથી ક્યાં યે વધારે તેઓએ લોકો પાસે વસુલ કરી હતી. છતાં યે એ મૂડી તો દેવાં રૂપે આજે ય ચાલુ જ છે. આજે એના વ્યાજ પેટે દર વરસે ૨૬ કરોડ રૂપિયા હિંદની આવકમાંથી મૂડી રોકવાવાળાઓને આપવા પડે છે. કોંગ્રેસ સૂચિત બંધારણમાં એવો નિયમ બનાવવામાં આવ્યો છે કે હિંદી જનતાએ હર સાલ આ રકમ ચુકવવી જરૂરી છે અને મધ્યસ્થ ધારાસભા પણ એમાં કોઈ ફેરફાર કરી શકશે નહિ.

સરકાર "ઇન્ડસ્ટ્રીયલ ફાઇનાન્સ કોરપોરેશન" વગેરે દ્વારા સરકારી અને વેપારી મુડીઓની 'મિશ્ર' પેઢીઓ ખોલી રહી છે. આમાં મૂડીવાદી નફાખોરોને ઓછામાં ઓછી કમાણીની બાંહેધરી આપવામાં આવી છે. પરંતુ નબળા મેનેજમેન્ટ, બેઇમાની અથવા તો કોઈ બીજી નિષ્ફળતાઓને કારણે આ સંસ્થાઓ સાથે નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી કમાણી મુડીવાદીઓને

નહિ મળે તો હિંદી જનતાએ રાજ્યની આવક દ્વારા એ રકમ મુડીવાદી નફાખો-રોને આપવાની રહેશે.

મૂડીવાદી ઉદ્યોગોને મજબુત બનાવવા તથા મૂડીવાદીઓને અમુક નફો આપવાની બાંહેધરીને કારણે સરકાર પર જે દેવું થશે, અને જમીનદારો અને રજવાડાંઓને વળતરને નામે જે બોંડ અપાશે—એ બધાનો બોજ હિંદની ભૂખી જનતા પર હંમેશા માટે લદાયેલો રહેશે. બંધારણમાં કહેવામાં આવ્યું છે કે "આઝાદ" હિંદમાં દેશી અને વિદેશી મૂડીવાદીઓ, બોંડ હાંસલ કરનારાઓ જમીનદારો ને બીજા બેઠાખાઉ શોષક વર્ગોને શોષણ કરવાની આઝાદી મળશે.

બ્રિટિશ કોમનવેલ્થ સાથે જોડાણ

(૧) આ રીતે બ્રિટિશ શાહીવાદીઓને (હિંદના લગભગ અર્ધા અથવા એથી વધુ ઉદ્યોગ પર જેઓ વર્ચસ્વ ધરાવે છે) હિંદ પરના એમના આર્થિક વર્ચસ્વની રક્ષા કરવાની બંધારણીય બાંહેધરી આપ્યા પછી એ વાત એકદમ મહત્વહિન બની જાય છે કે હિંદ માત્ર દેખાવ પૂરતું "આઝાદ" રહે કે અંગ્રેજોના કોમન-વેલ્થમાં રહે. પરંતુ હિંદનું બંધારણ ઘડનારાઓ શાહીવાદી બ્રિટન પાસે એટલી હદ સુધી નાકલીટી ખેંચી રહ્યા છે. કે તેઓ "આઝાદી"ના ઉપરના દેખાવનો પણ અંત આણવાની કોશિશ કરી રહ્યા છે. બંધારણ સભાની પહેલી બેઠકમાં પસાર થયેલા હેતુઆત્મ ઠરાવમાં એ ભાવના જાહેર કરવામાં આવી હતી કે હિંદ "સ્વાધીન અને સ્વતંત્ર" રાજ્ય બનવું જોઇએ. પરંતુ હવે બંધારણના ખરડામાં એવી સલાહ આપવામાં આવી છે કે "સ્વતંત્ર" શબ્દને બદલીને એને સ્થાને "લોકશાહી" શબ્દ રાખવામાં આવે કે જેથી બ્રિટનના શાશક વર્ગના કોમનવેલ્થમાં હિંદને શામેલ થવામાં કોઇ મુશ્કેલી આવે નહિ.

અલબત્ત, એથી લોકોના રોષના કારણે સ્વાતંત્ર્ય શબ્દને બેશરમ રીતે કાઢી નાખવાની ચાલને એમને છોડી દેવી પડે એવી સ્થિતિ ઉભી થાય તોય આજના હિંદનો રાજકર્તા વર્ગ શાહીવાદી રથ સાથે હિંદને જોતરાવવાના બીજા રસ્તાઓ ખોળી કાઢશે.

૮મી નવેમ્બરે બંધારણ સભામાં ભાષણ કરતાં પંડિત નહેરૂએ આ મુદ્દા પર ચોખવટ કરી હતી. બ્રિટન સાથે હિંદે જોડાવું જોઇએ એવી "ઇચ્છા" વ્યક્ત કરીને એમણે કહ્યું હતું કે આ જોડાણ "બંધારણથી પર હશે."

એટલે કે હિંદને ભલે બંધારણમાં સત્તાવાર રીતે સ્વતંત્ર પ્રજાસત્તાક તરીકે જાહેર કરવામાં આવે પરંતુ બ્રિટિશ કોમનવેલ્થ સાથે હિંદને જોડવાની બીજી યુક્તિ પ્રયુક્તિઓ તો ચાલુ જ છે.

દેશી રાજ્યો પર રજવાડાંઓને ઠોકી બેસાડવામાં આવ્યા

(૪) બંધારણના ચોથા પ્રકરણમાં પ્રાંતોના લોકોને પ્રતિનિધિ સરકાર, ચૂંટણી વગેરે સ્વાયત્ત શાસનના મર્યાદિત અધિકારો આપવામાં આવ્યા છે. પરંતુ દેશી

રાજ્યોને આ અધિકારો કે કલમો લાગુ પડશે નહિ (કલમ ૧૨૮). દેશી રાજ્યોના ૮ કરોડ લોકોને "આઝાદ" હિંદમાં પણ બંધારણીય અધિકારો મળશે નહિ. એક યા બીજા સ્વરૂપે જૂલ્મી અને બેઠાખાઉ રજવાડાંઓ લોકોની ખાંધ પર બેઠેલા જ રહેશે અને કોંગ્રેસ સરકારે આપેલી તકો અને સત્તાઓના ઉપયોગ લોકો પર તેઓ બિન પ્રતિનિધિ અથવા તો અર્ધ પ્રતિનિધિ અને અર્ધ સામંતી રાજતંત્ર ઠોકી બેસાડવામાં કરશે. આ રજવાડાંઓ હેઠળ કચડાતી જનતાએ એમને કયારે પણ ધુળ ભેગા કરી શકે એમ છે પરંતુ કોંગ્રેસે ઘડેલું બંધારણ એમની મદદ આવે છે.

માલદારો અને ગરીબોને સમાન ધોરણે લાવવાની રીત !

(૫) કલમ ૨૫૬ (૨)માં જણાવવામાં આવ્યું છે કે "કોઇ પણ વ્યક્તિએ રાજ્ય અથવા મ્યુનિસિપાલિટી કે જીલ્લા સમિતિ વગેરેને ધંધા રોજગાર પર કરવેરા આપવાની રકમ રૂા. ૨૫૦ થી વધુ હશે નહિ" ટુંકમાં ગરીબ પાનવાળા વચ્ચે અને કરોડપતિ વેપારી વચ્ચે કરવેરામાં ૨૫૦થી વધુ ફરક પડશે નહિ. "આઝાદ" હિંદમાં ગરીબ અને માલદાર વચ્ચેના મતભેદો મીટાવવાના કોંગ્રેસે શોધી કાઢેલા તરીકાના આ છે નમુનો !

બ્રિટિશ ખાંધીયાઓ ચાલુ રહેશે

(૬) કલમ ૨૮૩માં જણાવવામાં આવ્યું છે કે બંધારણ પહેલાં ઉંચા હોદ્દાઓ વાળી નોકરીને જે નિયમો લાગુ પડતા હતા એ તમામ નિયમો હવે પછી પણ ચાલુ રહેશે. (અહીં એ વાતની નોંધ લેવી જરૂરી છે કે સત્તા, પગાર, નોકરી વગેરે અંગેના આ નિયમો બ્રિટિશરોએ ઘડી કાઢ્યા હતા અને એનો મુખ્ય હેતુ એ દ્વારા ખાંધીયાઓનો એક વર્ગ પેદા કરવાનો હતો. 'આઝાદ' હિંદમાં પણ એ પૂરાણી રીત રસમ ચાલુ રહેશે.) આ ઉપરાંત પબ્લીક સર્વીસ કમિશન અંગે પણ ૨૮૫ કલમમાં નકકી કરવામાં આવ્યું છે કે પબ્લીક સર્વીસ કમિશનના અર્ધા સભ્યો દસ વરસ જુના સરકારી નોકરો હોવા જોઇએ. એટલે કે છેક ગુલામ માનસ ધરાવતા અને માલદારોના મસકા લઇને 'યોગ્ય કાબેલીયત' ધરાવતા બનેલા અને લોકો પર દમન ચલાવી શાહીવાદીઓનું સર્ટીફીકેટ મેળવી ચૂકેલા માણસો આઝાદ હિંદના કારોબારી ખાતા માટેના અમલદારોની પસંદગી કરશે. આથી બ્રિટિશ શાહીવાદની અસર રાજ્યતંત્ર પર ચાલુ રહેશે, રાજ્યતંત્રના એક એક અંગમાં માલદારો પ્રત્યે ગુલામ માનસ, આમ જનતા પ્રત્યે ધિકકાર અને લાંચ રૂશ્વતની નીરંકૂશ અને બેશરમ બદી ચાલુ રહેશે.

હિંદી–શાહીવાદી મૂડીવાદી સાંસ્થાનિક રાજ્ય

ઉપરના ઉદાહરણો જોયા પછી બંધારણનો મૂળ ઉદેશ સાફ બની જાય છે. બંધારણનો ઉદેશ હિંદી–બ્રિટિશ મૂડીવાદી હિતોની રક્ષા કરવા માટે તથા

હિંદના શોષણને ચાલુ રાખવા માટે રાજ્યને મુખ્ય હથિયાર તરીકે ઉપયોગમાં લેવાનો છે; તથા શક્ય તેટલે અંશે બ્રિટિશ કોમનવેલ્થ સાથે હિંદને જોડી દઇ શાહીવાદી–મૂડીવાદી સંયુક્ત વર્ચસ્વ પર મહોર મારવાનો છે, સાથે સાથે એનો હેતુ બ્રિટિશ કરતાં વધુ તાકાતવાન ડોલરીયા શાહીવાદને હિંદના શોષણ માટે આકર્ષવાનો છે.

બંધારણનો બીજો એક ઉદ્દેશ રજવાડાંઓને દેશી રાજ્યોની જનતાની લોક ક્રાંતિના જુવાળમાંથી બચાવી લેવાનો છે. તથા આગે ધપતા ખેત ક્રાંતિના જુવાળ માંથી જમીનદારોની ધન દોલતની હિફાઝત કરવાનો છે. જનતા સામે બંધારણ દ્વારા શાહીવાદી–મૂડીવાદી–સામંતી જોડાણ કરવાનો બંધારણ ઘડનારાઓનો ઉદ્દેશ છે અને હિંદી–શાહીવાદી–મૂડીવાદી સાંસ્થાનિક રાજ્ય ઉભું કરવાનો છે.

આ બંધારણ પાસેથી આ સિવાય કોઇ બીજી આશા રાખી શકાય નહિ. આ શરતો પર જ કોંગ્રેસ નેતાઓએ બ્રિટિશ શાહીવાદીઓ સાથે સમાધાન કર્યું હતું કે જેથી હિંદી જનતાની આગે ધપતી ક્રાંતિકારી ચળવળને ખાળવા તેઓ સંયુક્ત મોરચો રચી શકે. આજે આ શરતોનો અમલ વ્યવહારમાં થઇ રહ્યો છે.

૩. રાજ્યનું માળખું

મૂડીવાદી-સાંસ્થાનિક રાજ્યનું બંધારણ એવું બનાવવામાં આવ્યું છે કે જેમાં સામાન્ય જનતા કદી પણ સત્તા પર આવી શકે નહિ; ઉલ્ટાનું એ રાજ્ય તો જનતા પર જ વર્ચસ્વ ભોગવે.

બંધારણ સભાની ચૂંટણી માટે સમય નથી એવું બહાનું કાઢી જનતાને મતાધિકાર આપવામાં આવ્યો ન હતો. પરંતુ હવે તો બંધારણ અનુસારની ચૂંટણીમાં એવું બહાનું કાઢી શકાશે નહિ. એટલા ખાતર માંડ માંડ એ વાતનો બંધારણમાં સ્વીકાર કરવામાં આવ્યો છે કે પાંચ વરસમાં એક વાર ૨૧ અથવા એથી વધુ મોટી ઉંમરના માણસોને મધ્યસ્થ અને પ્રાંતોની નીચલી ધારાસભાની ચૂંટણી માટે મતાધિકાર મળશે.

પરંતુ જ્યાં ધન દોલત અને સત્તા મુઠ્ઠીભર સ્થાપિત હિતોના હાથમાં હોય ત્યાં પુખ્ત મતાધિકારનો અર્થ માલદારો માટે જ લોકશાહી સિવાય બીજું કશું થતો નથી. કારણ કે ફ્રાન્સ, ઇગ્લાંડ ને અમેરિકા જેવા બંધારણથિ રીતે "આગળ વધેલા" મૂડીવાદી દેશોમાં પણ પુખ્ત મતાધિકારના મતનો ઉપયોગ કરતાં પહેલાં જે શરતો પૂરી પાડવાની હોય છે એ બતાવે છે કે ગરીબ લોકોને એનાથી મોટો ગેરફાયદો થાય છે અને માલદારો માટે મતો હાંસલ કરવાનું એથી આસાન બને છે. ઉપલો રાજકર્તા વર્ગ આ વિગતો અને શરતો પર પ્રકાશ પાડવા દેતો નથી, અને એને 'નજીવી વિગતો' કહી એના પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ આ વિગતોનું બારીકાઇથી નિરીક્ષણ કરવામાં આવે તો માલુમ પડી જશે કે

ગરીબો પર એક પછી એક એમ અનેક અંકૂશો મૂકવામાં આવ્યા છે. ગરીબોને ધારાસભાની ચૂંટણી અંગે મતાધિકારનું પ્રમાણપત્ર (રહેવાની જગ્યાનું પ્રમાણપત્ર વગેરે), પ્રતિનિધિ સંસ્થાઓની ચૂંટણીની રીતોની વિગતો એમને મુશ્કેલીમાં મૂકે છે. સભાઓ ભરવાની મુશ્કેલી તો હોય જ છે કેમકે મોટા સભાગૃહો એમને માટે હોતા નથી અને લાઉડસ્પીકર, ગાડીઓ વગેરે તેઓ ભાડે કરી શકતા નથી. દૈનિક પત્રો મૂડીવાદીઓના હાથમાં હોય છે; સરકાર અને માલદાર વર્ગોના હાથમાં રેડીયો પરનો અંકૂશ હોય છે—આમ અનેક અવરોધો અંગે લેનિન લખે છે કે "ગરીબો પરના અંકૂશો, અપવાદો, સગવડતાના અભાવો અને અવરોધો સામાન્ય લાગશે, ખાસ કરીને જેણે પોતાની નજરે આ જોયું નથી અને જેનો કચડાયેલા વર્ગની સામુદાયિક જીંદગી સાથે નજીકનો સંબંધ નથી એને એવું દેખાશે. પરંતુ આ અવરોધો ગરીબ લોકોને રાજકારણમાંથી લોકશાહીમાં સક્રિય ભાગ લેવાથી દૂર રાખે છે અને એને એ ક્ષેત્રમાંથી હડસેલી મૂકે છે."

પરંતુ અમરિકી યા બ્રિટિશ શાહીવાદીઓની નકલ કરતા હિંદી મૂડીવાદીઓને તો ગરીબો પર આ પ્રકારના અંકૂશો ઠોકયા પછી પણ સલામતિ લાગતી નથી. એટલે તેઓએ ચારે તરફથી મતાધિકાર પર પ્રહાર કર્યો છે અને એવી બિન લોકશાહી શરતો લગાડી છે કે જેથી સામાન્ય જનતા કદી પણ ઉપલા વર્ગનો બંધારણીય રીતે અસરકારક સામનો કરી શકે નહિ. દાખલા તરીકે કલમ ૬૭ અને ૧૪૯માં જણાવવામાં આવ્યું છે કે:—

(૧) પુખ્ત મતાધિકારનો હક્ક ભોગવવાનો અધિકાર બ્રિટિશ હિંદ તરીકે ઓળખાતા પ્રદેશના લોકોને મળશે. ટુંકમાં દેશી રાજ્યોના આઠ કરોડ લોકોને પુખ્ત મતાધિકારનો અધિકાર આપવાની બંધારણ બાંહેધરી આપતું નથી. મધ્ય યુગના ખ્યાલ ધરાવતા રાજવીઓ દેશી રાજ્યોની જનતાને એ અધિકાર આપશે તો જ એ અધિકાર એમને મળશે.

(૨) પુખ્ત મતાધિકાર માટે ઓછામાં ઓછી ઉંમર ૨૧ નું ધોરણ રાખીને યુવાનોના વિશાળ વર્ગને મતાધિકારના ક્ષેત્રમાંથી બાકાત રાખવામાં આવ્યો છે, જો કે કોંગ્રેસના બંધારણમાં પણ ઓછામાં ઓછી ઉંમરનું ધોરણ ૧૮ રાખવામાં આવ્યું છે. આ યુવાનો ભલે શાહીવાદીઓની જેલ સહન કરે, ભલે એ કોંગ્રેસ નેતાઓના આક્રમણમાં મદદગાર બને પરંતુ એમને મતનો અધિકાર આપી શકાય નહિ. રખેને યુવાન વધુ ક્રાંતિકારી અને ઓછો રૂઢીચૂસ્ત હોવાને કારણે પ્રત્યાઘાતી રાજકર્તા વર્ગ સામે મયદાને પડે. એ વાતની નોંધ લેવી જરૂરી છે કે સોવિયેત સંઘ, ઝેકોસ્લોવાકિયા વગેરે લોકશાહી દેશોમાં મતાધિકાર માટે ઓછામાં ઓછી ઉંમરનું ધોરણ ફક્ત વરસ ૧૮ રાખવામાં આવ્યું છે.

(૩) પાર્લામેન્ટની નીચલી ધારાસભામાં વધુમાં વધુ ૫૦૦ સભ્યો ચૂંટાશે એવું નક્કી કરવામાં આવ્યું છે (કલમ ૬૭). એટલે કે ૬ લાખની વસ્તી દીઠ એક

પ્રતિનિધિ ચૂંટાશે. સાફ દેખી શકાય એવી વાત છે કે સામાન્ય જનતાના ઉમેદવાર માટે આવડા મોટા વિસ્તારની ચૂંટણીનો ખર્ચો કરવો એ લગભગ અશક્ય વાત છે. આવું ધોરણ અપનાવવામાં આ રાજકર્તાઓએ તો બ્રિટિશરોને પણ આંટી દીધા છે. ૮૦ હજારની વસ્તી દીઠ એક પ્રતિનિધિની ચૂંટણીનું ધોરણ તેઓએ અપનાવ્યું છે. પરંતુ આપણો રાજકર્તા વર્ગ તો ઉપલા વર્ગના ઉમેદવારોને વધુ સફળતા અપાવવા માંગે છે. પ્રાંતિક ધારાસભાઓના નીચલા ગૃહોમાં પણ કેટલાયે દાખલાઓમાં બે લાખ લોકો દીઠ એક પ્રતિનિધિ ચૂંટાશે (કલમ ૧૪૯).

સ્થાપિત હિતોની ઉપલી ધારાસભા

(૪) સ્થાપિત હિતોના વર્ચસ્વને વધુ જોરથી ટકાવી રાખવા માટે મધ્યમાં ઉપલી ધારાસભા (કૌંસિલ ઑફ સ્ટેટસ) રચવાનું નક્કી કરવામાં આવ્યું છે. આમાં ૨.૨૫ સભ્યો હશે. આ સભ્યોની ચૂંટણી કરવાનો લોકોને અધિકાર નથી.

આ ૨૨૫ માંથી "સાહિત્ય, કળા, વિજ્ઞાન અને સામાજીક સેવા" ના કાર્યમાં અનુભવી એવા ૧૨ લોકોની પ્રમુખ નીમણુંક કરશે. સાફ વાત છે કે સ્થાપિત હિતોની ભાટાઈ કરનાર વિભાગમાંથી આ લોકોને પસંદ કરવામાં આવશે.

કમિશ્નરના પ્રાંતોમાંથી બે સભ્યોને પસંદ કરવામાં આવશે. એ કામ પણ પ્રમુખ કરશે.

બીજા ૭૫ સભ્યો દેશી રાજ્યોની બોગસ ધારાસભાઓમાંથી આવશે. રજવાડાં અને એમના દોસ્તોના વર્ચસ્વવાળી આ ધારાસભાઓમાંથી આવતા આ સભ્યો સ્વાભાવિક રીતે જ રજવાડી હિતોની રક્ષા કરવા માથાં પછાડશે.

બાકીના ૧૩૬ની ચૂંટણી પ્રાંતોની નીચલી સભાઓ કરશે. સીધી ચૂંટણી કરવામાં આવે તો તો સ્થાપિત હિતોના ખુલ્લા પ્રતિનિધિ તરીકે ઓળખાતા તથા લાંચ રૂશ્વતખોરી અને લોકશાહી વિરોધી નીતિને કારણે નામચીન બનેલા માણસો માટે ચૂંટાવું મુશ્કેલ બને; એટલે આ આડકતરી ચૂંટણીનો તરીકો અપનાવવામાં આવ્યો છે. વળી. લઘુમતિ પક્ષોનો અથવા નીચલા વર્ગોનો કોઈ પ્રતિનિધિ રખેને ચૂંટાઈ આવે એટલા ખાતર સપ્રમાણ પ્રતિનિધિત્વની ચૂંટણી પ્રથાને પણ તિલાંજલી આપવામાં આવી છે. બહુમતિ પક્ષ ધારાસભામાંની પોતાની સાદી બહુમતિના જોરે સ્થાપિત હિતોના ચૂસ્ત વફાદાર--નફાખોરો, કાળા બજારીયાઓ, જમીનદારો, મૂડીવાદીઓ અને એમના નામીચા ખાંધીયાઓને આસાનીથી ચૂંટી કાઢશે.

આમ, સ્થાપિત હિતોની આ ઉપલી ધારાસભા વધુ પ્રતિનિધિત્વ ધરાવતી નીચલી ધારાસભા પર ઠોકી બેસાડવામાં આવી છે અને એવું નક્કી કરવામાં આવ્યું છે કે એક પણ બીલ (નાણાંકીય બિલ સિવાય) બંને ધારાસભાની સંમતિ વિના અથવા બંને સભાઓની સંયુક્ત સભામાં બહુમતિના સ્વીકાર વિના કાયદો બની શકશે નહિ (કલમ ૮૮). નાણાંકીય બિલ અંગે ઉપલી ધારાસભા એમાં ઢીલ

કરાવી શકશે પરંતુ આખરી સત્તા નીચલી ધારાસભાને રહે છે.

ઉપલી ધારાસભાને મળેલી આવી સત્તા પરથી આસાનીથી એ વાત સમજી શકાય એમ છે કે નીચલી ધારાસભા કદાચ કોઈ લોકશાહી નિર્ણય લે તો એને ફગાવી દેવા અથવા એના પર અંકુશ આણવા ઉપલી ધારાસભા રચવામાં આવી છે. અને આ સભા મારફત સ્થાપિત હિતોને આગળ ધપાવતા પગલાઓ ને કાયદાઓને આગળ ધપાવવામાં આવશે અને એ મારફત એહાખાઉ વર્ગોનું વર્ચસ્વ રાજ્ય તંત્ર પર વધુ મજબુત કરવામાં આવશે.

(૫) પશ્ચિમ બંગાળ, મુંબઈ, મદ્રાસ, યુક્ત પ્રાંત, પૂર્વ પંજાબ, અને બિહાર જેવા પ્રાંતોની નીચલી સભાઓ પર પણ ઉપલી સભાઓ ઠોકવામાં આવી છે. અહીંયાં નીચલી ધારાસભામાં દર એક લાખે એક માણસ ચૂંટાશે પરંતુ ધારાસભામાં ૩૦૦ થી વધારે સભ્યો નહિ હોય. ઉપલી સભાની સભ્ય સંખ્યા નીચલી સભા કરતા ચોથા ભાગની હશે. દાખલા તરીકે પશ્ચિમ બંગાળમાં નીચલી સભામાં જો ૨૨૦ સભ્યો હશે તો ઉપલી સભામાં ૫૫ સભ્યો હશે. આમાંથી ત્રીજા ભાગને એટલે કે ૧૮ને સપ્રમાણ પ્રતિનિધિત્વના ધોરણે નીચલી સભા ચૂંટી કાઢશે. બીજા અર્ધો અર્ધ એટલે કે ૨૭ની **નીમણુંક** થશે. કેન્દ્રની માફક પ્રાંતોમાં આ નિમાયેલા ગૃહસ્થો મૂડીવાદી સંસ્કારની ઉપાસના કરવાવાળા લોકો હશે. હજી સુધી એ નક્કી કરવામાં આવ્યું નથી કે કોણ આ ૨૭ની નીમણુંક કરશે પરંતુ બનતા સુધી પ્રાંતિક ગવર્નર હશે. અને સમજી શકાય એવી વાત છે કે સ્થાપિતો કહેશે એવા માણસોને જ આ ગવર્નર નીમશે. અને બાકીના દસ પણ ગવર્નર નીમશે કલમ (૧૫૦). મનસ્વી રીતે ઠોકી બેસાડવામાં આવેલી ઉપલી ધારાસભાના આ સભ્યો નીચલી સભા પર સ્થાપિત હિતોની રખેવાળી કરવા ચોકી પહેરો કરશે. આ ગૃહસ્થોને નીચલી ધારાસભાની માફક દર પાંચ વરસે બદલી શકાશે નહિ. એમાંનો ત્રીજો ભાગ ત્રણ વરસ સુધી રહેશે, બીજો ત્રીજો ભાગ ૭ વરસ સુધી રહેશે અને બાકીનો ત્રીજો ભાગ નવ વરસ સુધી રહેશે (કલમ ૧૫૧).

ચૂંટણીના સિધ્ધાંતોને ફગાવી દેવામાં આવ્યા

૧૯૪૫–૪૬ની કોંગ્રેસની ચૂંટણી જાહેરાતમાં વચન આપવામાં આવ્યું હતું કે "પુખ્ત મતાધિકારના ધોરણે ધારાસભાઓ ચૂંટાશે." આજે આ વચનને ઉપલી ધારાસભાની બિન લોકશાહી રચના કરીને બેશરમ રીતે ઠોકરે મારવામાં આવ્યું છે. વળી, દિલ્હી, અજમેર–મારવાડ અને કુર્ગ જેવા કમિશ્નરના પ્રાંતોને બંધારણના ચૂંટણીના નિયમો લાગુ પડશે નહિ. હિંદી સંઘના પ્રમુખ મનસ્વી રીતે એમની પસંદગી કરશે (કલમ ૨૧૨).

દેશી રાજ્યો

દેશી રાજ્યોના કરોડો લોકોનું ભાવિ લોહીચૂસ રજવાડાંઓ, નવાબો,

રાજા અને મહારાજાઓ (આ સદ્‌ગૃહસ્થોને હવે રાજપ્રમુખ, ઉપપ્રમુખ વગેરેના બિરદો આપવામાં આવ્યાં છે)ના હાથમાં સુપ્રદ કરાયું છે. પ્રાંતોમાં તો લોકોને થોડા ઘણા હક્કો પણ આપવામાં આવ્યા છે; નીચલી ધારાસભાની ચૂંટણી, પ્રધાન મંડળની રચના વગેરે લોકોના હાથમાં મૂકવામાં આવ્યા છે. પરંતુ બંધારણમાં આ ફાયદાઓ દેશી રાજ્યોની જનતાને આપવામાં આવ્યા નથી.

કોંગ્રેસ નેતાઓ ઉપલા વર્ગના પ્રતિનિધિઓ છે. એમના દ્વારા હિંદના ઉપલા વર્ગોએ સ્થાપિત હિતોની છાવણીને મજબૂત બનાવવા રજવાડાંઓ સાથે સમાધાન કર્યું છે. રાજપ્રમુખ વગેરેના હોદ્દાઓ આપીને તેઓએ રજવાડાંઓને દેશી રાજ્યો પર જીંદગી ભર સુધી વિશાળ સત્તાઓ આપી છે અને દેશી રાજ્યોનું આંતરિક માળખું "આઝાદ" હિંદના બંધારણથી તદ્દન અળગું રાખ્યું છે.

પ્રમુખની ચૂંટણી

હિંદી સંઘના પ્રમુખને હિટલરી સત્તાઓ આપવામાં આવી છે: આ પ્રમુખની ચૂંટણી જનતા કરશે નહિ.

મધ્યસ્થ ધારાસભાના સભ્યો અને પ્રાંતોની નીચલી સભાના સભ્યો એની વરણી કરશે(કલમ ૪૩). સૂચિત બંધારણ દ્વારા જે પ્રજાકીય ચૂંટણી કરવામાં આવે તો સ્થાપિત હિતોનો ઉમેદવાર આસાનીથી ચૂંટાય આવે એમ છે. પરંતુ હિંદના રાજકર્તા વર્ગને એટલી જોગવાઈ પૂરતી લાગી નથી. પ્રમુખ તરીકે ચૂંટાનાર માણસ માત્ર સ્થાપિત હિતોનો **સામાન્ય** પ્રતિનિધિ જ નહિ હોવો જોઈએ પરંતુ સ્થાપિત હિતોની રાજકર્તા **ટોળકી**ની પસંદગીનો માણસ હોવો જોઈએ. એટલે તેઓએ પ્રમુખની ચૂંટણીમાં જુદી રીત દાખલ કરી છે. અમેરિકામાં જેમ રૂઝવેલ્ટની ચૂંટણીમાં બન્યું, એવું તેઓ હિંદમાં બનવા દેવા માગતા નથી. મોટા માલદારોની રાજકર્તા ટોળકીની ઈચ્છા વિરૂધ્ધ રૂઝવેલ્ટ ત્રીજી વખત ચૂંટાય આવ્યો હતો એવું હિંદમાં ન બને એવો આ બંધારણનો ઉદ્દેશ છે.

સૂચિત બંધારણમાં પ્રાંતિક ગવર્નરની ચૂંટણી પ્રજાકીય મતદાન દ્વારા થવી જોઈએ એવું સૂચવવામાં આવ્યું છે. પરંતુ 'લોકશાહી' તરફનું આવું કદમ નહિ સહી શકવાથી સુધારો લાવવામાં આવ્યો છે કે હિંદી સંઘના પ્રમુખ ગવર્નરની પસંદગી કરશે. પ્રાંતિક ધારાસભા ગવર્નર તરીકે ચાર જણના નામ પેશ કરશે. એમાં જેના પર ઠીક લાગે તેના પર પ્રમુખ પોતાનો કળશ ઢોળશે. આ સુધારો સ્વીકારવામાં આવશે એવું જણાય છે.

આમ, તરેહ તરેહની યુક્તિ પ્રયુક્તિઓ મારફત પ્રજાકીય મતાધિકારને ફગાવી દેવામાં આવ્યો છે યા તો એને બિનઅસરકારક કરવામાં આવ્યો છે. અને રાજ્યતંત્રનું માળખું સ્થાપિત હિતોની આજ્ઞા અનુસાર રચવામાં આવ્યું છે.

૪. કેન્દ્ર અને પ્રાંતો

ચૂંટણી જાહેરાતમાં કોંગ્રેસે વચન આપ્યું હતું કે "આ (હિંદનું) બંધારણ સમવાય હોવું જોઇએ અને (પ્રાંતોને) સ્વાયત્ત શાસન મળવું જોઇએ." કોંગ્રેસે એ વચન પણ આપ્યું હતું કે તમામ શેષ સત્તાઓ પ્રાંતોને રહેશે અને ભાષાવાર પ્રાંતોની રચના થશે.

પ્રાંતો—શોષણના અડ્ડાઓ

પરંતુ બધાં ય વચનોની જે દશા થઇ એમ આ વચનને પણ સત્તા હાથમાં આવ્યા પછી કોંગ્રેસી નેતાઓએ કચરાની ટોપલીમાં ફગાવી દીધું છે. સ્વાયત્ત તંત્ર આપવાને બદલે એકે એક ખરી સત્તા પર તેઓએ પ્રહાર કર્યો છે. અખિલ હિંદના મૂડીવાદીઓએ સારા યે હિંદનું શોષણ કરવા માટે "મજબૂત" કેન્દ્ર રચવાની યોજના ઘડી છે.

પ્રાંતોનું મુખ્ય કાર્ય કરવેરાઓ ઉઘરાવવાનું અને કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે. જમીન, જંગલ અને થોડાક વધારે ક્ષેત્રો સિવાય બાકીની જે "સત્તાઓ" પ્રાંતોને આપવામાં આવી છે એ બીજા દેશોમાં મ્યુનિસિપાલિટીને મળતી સત્તાઓ જેવી છે (શીડ્યુલ ૭ સ્ટેટસ લીસ્ટ).

કેન્દ્ર– શોષણનું ધામ

પરદેશ સાથેનો વ્યાપાર, જકાત, વાહન વ્યવહાર, સંરક્ષણ, સંરક્ષણ ઉદ્યોગો, આવક વેરો, તમાકુ વેરો, ચલણી નાણું અને રીઝર્વ બેંક પર કેન્દ્રનો અંકુશ રહેશે. બેંકીંગ, ઇન્સ્યોરન્સ, સ્ટોક એક્સચેંજ, પેટ્રોલ, ખાણો અને રેલ્વે પર પણ એનો ખાસ અલાયદો કબ્જો હશે. ટ્રેડીંગ કોરપોરેશનોને એક બીજા સાથે ભેળવી દેવાની, એ અંગે ધારા ધોરણો ઘડવાની અથવા એને બંધ કરવાની તમામ સત્તા કેન્દ્રના હાથમાં રહેશે. આનો અર્થ એ કે ઉદ્યોગો અને નફાખોરી અંગેનો તમામ દોર કેન્દ્રના હાથમાં રહેશે અને અખિલ હિંદના કેન્દ્ર દ્વારા અખિલ હિંદના મૂડીવાદીઓ—તાતાઓ અને બિરલાઓ–હિંદનું શોષણ કરશે.

અત્યાર સુધી કોંગ્રેસે હમેશા માગણી કરી હતી કે શણની નિકાસ જકાતની આવકનો મોટો ભાગ શણ ઉગાડનારા પ્રાંતોને જવો જોઇએ. પરંતુ સત્તા પર આવ્યા પછી કોંગ્રેસ નેતાઓએ આ માંગણીને લાત મારી છે અને જાહેર કર્યું છે કે જ્યાં સુધી પાર્લામેન્ટ એ અંગે બીજું નક્કી ન કરે ત્યાં સુધી પહેલાં જે પરિસ્થિતિ હતી એટલે કે બ્રિટિશ રાજ્યમાં જે પરિસ્થિતિ હતી એ ચાલુ રહેશે (કલમ ૨૫૪).

પ્રાંતોના સ્વાયત્ત શાસનને ઠોકરે મારવામાં આવ્યું

પરંતુ અખિલ હિંદના મૂડીવાદીઓને આથી સંતોષ નથી એટલે બંધારણને છેડે એક તદ્દન નવો ભાગ જોડવામાં આવ્યો છે. આમાં કેન્દ્ર માટે વિશાળ

સત્તાઓની જોગવાઇ કરવામાં આવી છે. એમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે કેન્દ્રને પ્રાંતો માટે વેપાર ધંધાને અંગે કાયદાઓ કરવાની સત્તા રહેશે. આ કાયદાની રૂએ કોલસા, લોખંડ, પોલાદ, અબરખ, સુતરાઉ અને ગરમ કાપડની મિલો, કાગળ, ખાદ્ય પદાર્થો, પેટ્રોલ, પેટ્રોલની બનતી ચીજો, મોટર ગાડી વગેરેના સ્પેર પાર્ટસ વગેરે ઉદ્યોગોના ઉત્પાદન, એની વહેંચણી અને પૂરવઠા પર કેન્દ્ર સત્તા ધરાવી શકશે. આનો અર્થ કે પ્રાંતોની મોટા ભાગની તમામ ચીજો પર તાતાઓ, બીરલાઓ અને દાલમીયાઓની સીધી પકડ આવશે.

મધ્યસ્થ તંત્રને આ બધી સત્તાઓ આપ્યા પછી, લીસ્ટમાં રહી ગયેલી બાકીની શેષ સત્તાઓ અંગે ભવિષ્યમાં કોઇ સવાલ ઉભો થાય તો એ અંગે નિર્ણય કરવાની આખરી સત્તા કેન્દ્રને રહેશે. આમ શેષ સત્તાઓ પ્રાંતોને મળશે એવું અપાયેલું વચન ફગાવી દેવામાં આવ્યું છે. વળી, એની સાથે સાથે "વિભાગીય ઘટકો (પ્રાંતો)ને વધુમાં વધુ સ્વતંત્રતા મળે એ માટે સામાન્ય અને જરૂરી સમવાય (કેન્દ્રીય) સત્તાઓ ઓછામાં ઓછી રાખવામાં આવશે" એવા વચનને પણ ઠોકરે મારવામાં આવ્યું છે.

એક કલમ દ્વારા તો આ બધા પર છોગું ચડાવે એવું નકકી કરવામાં આવ્યું છે કે કેન્દ્રની ઉપલી ધારાસભાની બે તૃતીયાંશ બહુમતિની સંમતિથી પ્રાંતોના કોઇ પણ ક્ષેત્ર પરની સત્તા કેન્દ્ર હાંસલ કરી શકશે ને એ અંગે પોતે કાયદાઓ ઘડી શકશે.

ભાષા

સૌ કોઇ જાણે છે કે ભાષાવાર પ્રાંતોની પુનઃરચનાના પ્રશ્નની શી વલે થઇ છે. બંધારણ સભાના પ્રમુખે નીમેલા કમિશને ભાષાવાર પ્રાંતોની રચનાના પ્રશ્નને ઉડાવી દીધો છે. બ્રિટિશરોને પગલે ચાલી બંધારણ સભાએ તમામ ભાષાઓની સમાનતાના સિદ્ધાંતને, બહુ કિંમતી લોકશાહી અધિકારને ઠોકરે માર્યો છે અને નક્કી કર્યું છે કે પાર્લામેન્ટનું કામકાજ હિંદી અથવા અંગ્રેજીમાં ચલાવવામાં આવશે. વાત સાફ છે કે કોંગ્રેસ નેતાઓ હિંદીને રાજભાષા તરીકે ઠોકી બેસાડવા માંગે છે. તમામ ભાષાઓના સમાનતાના સિધ્ધાંતનો અસ્વીકાર અને હિંદીને ફરજિયાત રીતે રાજભાષા તરીકે ઠોકી બેસાડવાનું પરિણામ એજ આવશે કે રાજ્યની પ્રવૃત્તિમાં ભાગ લેવામાં આમ જનતા માટે એક નવી મુશ્કેલી ઉભી થશે. હિંદીને રાજ ભાષા બનાવવાથી કરોડો બિન–હિંદી બોલતા લોકોનો દેશની મુખ્ય તથા બીજી સંસ્થાઓમાં ભાગ લેવાનો અધિકાર ખુંચવાઇ જશે. આથી બિન–હિંદી વિસ્તારોમાં સામાન્ય જનતાને રાજ્યની પ્રવૃત્તિથી દૂર રાખવા માટે આ એક નવો અંકુશ ઉમેરાશે અને રાજ્ય સત્તા ઉપલા વર્ગના ભણેલા ગણેલા થોડા મુઠ્ઠીભર લોકોના હાથમાં રહેશે. એ ઉપરાંત એનાથી બીજી ભાષાઓ કચડાશે અને મહેનતકશ જનતાને છેતરવાનું એ

હથિયાર બનશે. આમ હીંદીને ફરજીયાત રીતે રાજભાષા તરીકે ઠોકી બેસાડવાનો નિર્ણય જનતાની લડત પર પ્રહાર કરવાનો છે; માટે એ સામે હિંદી ને બિન–હિંદી ભાષા બોલતા મહેનતકશોએ અવાજ ઉઠાવવો જોઇએ અને લડી લેવું જોઇએ.

૫. પોલિસ રાજ

આવું પ્રત્યાઘાતી રાજ્ય, લોકોને છેતરવાની એની અનેક ચાલબાજીઓ છતાં પણ લોકોમાં રોષ પેદા કર્યા વિના રહેવાનું નથી. હિંદી–શાહીવાદી મૂડીવાદીઓ અને એમના "રાષ્ટ્રીય" આગેવાનો એ જાણે છે કે લોકોનો જુવાળ આગળ ધપતો જશે અને લોકો એમના રાજ્ય તંત્ર સાથે અથડામણમાં આવશે; એમની અનેક ચાલબાજીઓ લોકોના જુવાળને રોકી શકશે નહિ અને જનતાને છેતરી શકશે નહિ.

એટલા ખાતર તો જનતાને સત્તાથી સાત ગાઉ દૂર રાખ્યા છતાં પણ મૂડીવાદીઓને સ્થાપિત હિતોની સલામતિ અંગે વિશ્વાસ આવતો નથી. એટલે તેઓએ આખરે છડે ચોક લોકશાહીનો દંભ છોડી દીધો છે અને બંધારણમાં એવી કલમો ઘડી છે કે જે એમના નગ્ન પોલિસ રાજ અને બેફામ આપખુદીને ખુલ્લી પાડે છે.

મૂળભૂત અધિકારોના ખરડામાં હડતાળ અને પીકેટીંગ કરવાના અધિકારને માન્ય કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ કે, એકે એક હડતાળ ગેરકાયદે થઇ શકશે, ને પોલિસ અને કાયદાની મદદથી મૂડીવાદી શોષણ સામેની કામદારોની લડત આપખુદ દમનથી કચડી શકાશે. પણ વાત આટલેથી જ નથી અટકતી. આવા પગલાંને છોગું ચડાવે એવું કલમ ૧૭ (૨)માં કહેવામાં આવ્યું છે કે: "જાહેર હિત માટે ફરજીયાત કામ લેવામાં રાજ્યને કોઇ રોકી શકશે નહિ." એટલે કે ગમે ત્યાં ગંભીર હડતાળ પડશે કે સરકાર તરત જ માલદારોના હિતનું રક્ષણ કરવા બહાર પડશે અને આ કલમનો ઉપયોગ 'જાહેર હિત'ના નામે અવશ્ય કરશે.

હથિયારો રાખવાનો પરવાનો જનતાને આપવામાં આવ્યો નથી. બ્રિટિશરોએ સારી યે જનતાને નિશસ્ત્ર બનાવી હતી અને ફક્ત એના લશ્કર, પોલિસ ને વફાદારોને શસ્ત્રસજ્જ બનાવ્યા હતા. તેઓ જનતા પરનું એમનું તીરસ્કૃત રાજ્ય એ રીતે ચલાવવા માંગતા હતા. ભવિષ્યમાં હિંદી–શાહીવાદી વર્ગો પણ એ જ કરવા માંગે છે. તેઓ એમના લશ્કર અને પોલિસ, એમના ફાસીસ્ટ "રાષ્ટ્રીય" સંરક્ષણ દળ, એમના મૂડીવાદી બાંધીયાઓ, જમીનદારો, આઇ. એન. ટી. યુ. સી. અને એવી બીજી સંસ્થાઓના ગુંડાઓને હથિયાર આપશે; નિશસ્ત્ર આમ જનતાના રોષને કચડી નાખવા હથિયારોનો ઉપયોગ તેઓ આ રીતે કરશે.

કેટલાક એવું માને છે કે અહિંસામાં માનતી કોંગ્રેસ ન તો ભૂતકાળમાં

કે વર્તમાનમાં લોકોને હથિયારો આપવાની વાતો કરી શકે. પરંતુ કોંગ્રેસની અહિંસાના દંભ અંગે ચર્ચામાં પડયા વિના એ વાત સ્પષ્ટ રીતે બતાવી શકાય એમ છે કે પોતાની ચૂંટણી જાહેરાતમાં ભવિષ્યના બંધારણના મૂળભૂત અધિકારમાં એવી કલમ દાખલ કરવાનું કોંગ્રેસે વચન આપ્યું હતું કે "દરેક શહેરીને હથિયારો રાખવાનો હકક હશે;" સાફ રીતે જોઈ શકાય એમ છે કે આ વચન એક ધોખાબાજી હતી.

વાણી, મિલન અને વિચારો જાહેર કરવાના સ્વાતંત્ર્યના વચનને પણ ઠોકરે મારવામાં આવ્યું છે. મૂળભૂત નાગરિક અધિકારોમાં અખબારી સ્વાતંત્ર્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અને વાણી સ્વાતંત્ર્યને પણ ફગાવી દેવામાં આવ્યું છે. કલમ ૧૩ (૩)માં એવી વાત કરવામાં આવી છે કે "આ બાબતો અંગે આજના કોઈ પણ કાયદાના અમલી કાર્યને વાંધો આવવા દેવામાં આવશે નહિ." અથવા તો ભવિષ્યમાં મુક્ત વાણી અને અખબારી સ્વાતંત્ર્ય સામે "રાજ્યને કાયદો બનાવતાં" કોઈ રોકી શકશે નહિ. આપણા આજના રાજકર્તાઓએ જનતાના અવાજ અને અખબારી સ્વાતંત્ર્યને સંપૂર્ણ રીતે કચડી નાખવા બ્રિટિશરોની આબાદ નકલ કરી છે. બ્રિટિશરોએ ઘડેલી ૧૨૪ આઈ. પી. સી. કલમ, પ્રેસ (ઇમિરજન્સી) એકટ, વર્ગ વિગ્રહના ખ્યાલો પ્રસરાવવા પર પ્રતિબંધ મૂકતા કાયદાઓ વગેરેને તેઓએ અપનાવી લીધા છે. આજના 'વર્તમાન' કાયદાઓ જનતાના અવાજને કચડી રાખવાનું જારી રાખશે અને જનતાના ગણગણાટને સાવ ચુપ કરી દેવા મુંબઈ ગુંડા ધારો, પશ્ચિમ બંગાળ સલામતિ ધારો વગેરે નવા કાયદાઓની નવી બેડીઓ ઠોકવામાં આવશે. ભવિષ્યના હિંદ માટેના સૂચિત બંધારણમાં સ્વાતંત્ર્ય અને મૂળભૂત અધિકારોનો આવો અર્થ ઘટાવવામાં આવ્યો છે.

મિલન, સભા અને દેખાવો કરવાના અધિકારોનો ઈન્કાર

વાણી અને અખબારી સ્વાતંત્ર્યની માફક 'વર્તમાન કાયદા'ઓ (૧૪૪મી કલમ, કર્ફયુ વગેરે જેવા કાયદાઓ) દ્વારા મિલન, સભા અને દેખાવો કરવાના અધિકારોને કચડવામાં આવશે અને ભવિષ્યમાં એ અધિકારોને કોઇ કાયદા દ્વારા સંપૂર્ણ રીતે ખૂંચવી લઇ શકાશે; કારણકે રાજ્યને એવો કાયદો ઠોકી બેસાડવાનો અધિકાર છે. [કલમ ૧૩, (૩)]

યુનિયનો તથા એસોશિયનો બાંધવાના અધિકારનો ઈન્કાર

આજના અથવા ભવિષ્યના કોઇ કાયદા દ્વારા આ અધિકાર પર તરાપ મારી શકાશે. આનો અર્થ એ કે કોઇ પણ કાયદેસરની સંસ્થા પર પ્રહાર કરવા ક્રિમિનલ લૉ એમેન્ડ મેન્ટ એકટનો ઉપયોગ થઇ શકશે. કારણ કે આ કાયદા હેઠળ

તહોમતો પૂરવાર કરવાની કોઇ ફરજ સત્તાવાળાઓ પર મૂકવામાં આવી નથી. એટલે જે સંસ્થાઓ સ્થાપિત હિતોનો વિરોધ કરતી હશે એનું ગળું દૂપવાનું કામ આ કાયદા મારફત જારી રહેશે. અને ભવિષ્યમાં જરૂરત ઉભી થશે તો આનાથી વધુ કડક કાયદાઓ ઘડવામાં આવશે.

કોર્ટમાં કામ ચલાવ્યા વિના જેલમાં પુરી શકાશે નહિ— એવા સૌથી અગત્યના મૂળભુત અધિકાર પર પ્રહાર

રાજકર્તા વર્ગની નીતિનો વિરોધ કરનાર શહેરીઓને કોર્ટમાં કામ ચલાવ્યા વિના અટકાયતમાં રાખી શકાશે; કારણ કે ૧૫મી કલમ અનુસાર કોર્ટમાં કામ ચલાવ્યા વિના જેલમાં પૂરી શકાય એવો કાયદો ભવિષ્યમાં નહિ થઇ શકે, એવું કહેવામાં આવ્યું નથી. બંધારણ પેશ કર્યા પહેલાં પણ આવા કાયદાઓ ઘડવાનું કામ એ કોંગ્રેસ સરકારની મુખ્ય બંધારણીય પ્રવૃત્તિ બની ગઇ છે. બંધારણ ખાત્રી આપે છે કે આ પ્રવૃત્તિ ચાલુ રહેશે.

ગવર્નરોને ખાસ સત્તા

વળી, પ્રાંતોમાં ધારાસભાની બેઠક ચાલુ ન હોય ત્યારે ગવર્નરને કોઇ પણ બાબત અંગે ફતવાઓ બહાર પાડવાની સત્તા આપવામાં આવી છે. ધારાસભાની બેઠક શરૂ થયા પછી ૬ અઠવાડિયા સુધી આ ફતવાઓનો અમલ જારી રહી શકશે (કલમ ૧૮૭). હિંદી સંઘના પ્રમુખ પણ ફતવાઓ બહાર પાડી શકશે (કલમ ૧૦૨). હિંદી જનતા એ વાત આબાદ રીતે જાણે છે કે જનતાની આઝાદી પર પ્રહાર કરવા જ સામાન્ય રીતે ફતવાઓ બહાર પાડવામાં આવે છે. આથી ભવિષ્યના હિંદનું ચિત્ર બદલાવાનું નથી.

આ બધા દમનકારી પગલાંઓ અસાધારણ સંજોગો માટે નથી પણ સામાન્ય સંજોગો માટે છે. હિંદી–શાહીવાદી રાજ્યના નાગરિકોને સામાન્ય સંજોગોમાં પણ પોલિસ રાજ હેઠળ જીવવું પડશે અને ધુંધવાતા રોપનો થોડો બબડાટ પણ પોલિસના દંડાથી કચડવામાં આવશે.

પ્રમુખને હિટલરી સત્તા

પરંતુ આટલા બધા દમનકારી પગલાંઓ લીધા પછી પણ રાજકર્તા વર્ગને એ પૂરતુ લાગતું નથી. હિંદી જનતાની વધતી જતી જાગૃતિ અને એના ક્રાંતિકારી મિજાજને તેઓ પહેચાને છે. એટલે તેઓએ એને કચડવા "ગંભીર કટોકટી"ના નામે નગ્ન આપખુદી અને રાક્ષસી ક્રૂરતા આચરવાની જોગવાઇઓ બંધારણમાં તૈયાર રાખી છે.

કલમ ૧૮૮ અનુસાર પ્રાંતનો ગવર્નરને લાગે કે ગંભીર કટોકટી ઉભી થઇ છે તો એ પ્રાંતિક ધારાસભાની તમામ સત્તાઓને રદ કરી શકશે અને

પોતાને ફાવે એ રીતે રાજ કરી શકશે. પરંતુ પ્રાંતિક ગવર્નરે આ અંગે હિંદી સંઘના પ્રમુખને બે અઠવાડિયામાં ખબર આપવાની રહેશે અને એ પછી પ્રમુખને યોગ્ય લાગે તે એ કરશે. પ્રાંતની કોઇ પણ સત્તા કે સત્તાઓ તે લઇ શકશે અને મધ્યસ્થ ધારાસભાને અથવા પોતે પસંદ કરેલા અમલદારને કે અમલદારોને એ સત્તાઓ આપી શકશે (કલમ ૨૭૮).

આ જોગવાઇઓ ઉપરાંત એથી ય વધુ સરમુખત્યારી સત્તાઓ પ્રમુખ ધરાવી શકશે. પ્રમુખ પ્રજાકીય રીતે ચૂંટાયો નથી છતાં પણ એ આમ કરી શકશે. એને લાગશે કે "યુદ્ધ અથવા આંતરિક હિંસા'ને કારણે ગંભીર કટોકટી ઉભી થઇ છે તો એ અંગે એ જાહેરાત કરશે અને નીચે જણાવેલા કોઇ પણ પગલાં ભરી શકશે.

(૧) પ્રાંત અથવા પ્રાંતોની તમામ સત્તા એ કેન્દ્રના હાથમાં લઈ શકશે (કલમ ૨૭૬); રેવન્યુ પરનો પ્રાંતનો અધિકાર રદ કરી શકશે.

(૨) નજીવા નાગરિક અધિકારો પર પણ એ પ્રહાર કરી શકશે, હાઇ કોર્ટમાં હેબીઅસ કોર્પસ અરજી કરવાનો અધિકાર પણ ખૂંચવી શકશે. (કલમ ૨૭૯ અને ૨૮૦)

(૩) પ્રાંત અથવા પ્રાંતોના બંધારણને એ અભેરાઇ પર ચઢાવી શકશે (કલમ ૨૭૮).

(૪) મધ્યસ્થ ધારાસભાના નિર્ણય દ્વારા પ્રાંત અથવા પ્રાંતોની કોઇ પણ તમામ સત્તાઓ એ વખતની સરકારને અથવા એના અમલદારોને સોંપી શકાશે એટલે કે મધ્યસ્થ ધારાસભાની બહુમતિ કટોકટીને નામે બંધારણીય ધોરણને જ નાબુદ કરી શકશે. (કલમ ૨૭૬ (બ) વી.

કટોકટીની આ જાહેરાત પછી પ્રમુખના હાથમાં આ સરમુખત્યારી સત્તાઓ ૬ મહિનાઓ સુધી રહી શકશે એ માટે મધ્યસ્થ ધારાસભાની સંમતિની એને જરૂરત રહેશે નહિ. અને પાર્લામેન્ટ દર વરસે એક વાર એ અંગે નિર્ણય લઇને એ કટોકટીનો સમય ત્રણ વરસ સુધી લંબાવી શકશે. (કલમ ૨૭૫).

હકીકતે આ સરમુખત્યારી જાહેરાતને અમલમાં લાવવા 'યુધ્ધ અથવા આંતરિક હિંસા'ની જરૂરત રહેવાની નથી. પ્રમુખને લાગશે કે "તત્કાલમાં કટોકટીનો ભય ઉભો થવાનો છે" તો એ કટોકટીની જાહેરાત કરશે અને સરમુખત્યાર બની શકશે. (કલમ ૨૭૫ (૬).

આજે લગભગ તમામ પ્રાંતોમાં સરકારી પાપોને ઢાંકવા માટે કટોકટીના ભયના બનાવટી ઓઠા હેઠળ સલામતિ ધારાઓ અને દમનકારી પગલાંઓ અસ્તિત્વમાં આવી રહ્યા છે. આ બંધારણ અનુસારના ભવિષ્યના હિંદમાં સ્થાપિત હિતોના રક્ષણ અર્થે આ કટોકટીની કલમોનો એવો જ અથવા એથી ય વધુ બુરો ઉપયોગ થશે.

* * *

૬. આ પ્રત્યાઘાતી બંધારણને ફાડીને ફગાવી દો જનતાના સાચા લોકશાહી રાજ્ય માટે લડત કરો

હિંદનું આ ભાવિ બંધારણ એ ગુલામીનું બંધન છે.

આ બંધારણ દ્વારા જે રાજ્ય ઉભું થશે એ સ્થાપિત હિતોનું રાજ્ય હશે અને તે સંપૂર્ણપણે લોકશાહી વિરોધી હશે. તેમાં આપવામાં આવેલો મતદાનનો હક્ક અને ધારાસભા મંડળો જનતાને માત્ર ઠગવા માટે છે. કદાચ જનતા, નીચલી ધારાસભા માટે પોતાના સાચા પ્રતિનિધિઓને બહુમતિ સંખ્યામાં ચૂંટી મોકલે તો યે, આ પ્રતિનિધિઓને સ્થાપિત હિતો પર પ્રહાર વીંઝવાનો અને જનતાનાં હિતોને આગળ કરવાનો કોઇ હક્ક હશે નહિ. કારણ રાજ્યના એક મૂળભૂત કાયદા તરીકે, બંધારણમાં એવું જણાવવામાં આવ્યું છે કે, ગમે તે પક્ષ સત્તામાં આવે તો યે, તેને સ્થાપિત હિતોની જમીન, ઉદ્યોગો, યા તો કોઇ પણ પ્રકારની બીજી મિલ્કત જપ્ત કરવાનો કે તેને રાષ્ટ્રની માલિકીની બનાવવાનો કોઇ અધિકાર રહેશે નહિ [કલમ ૨૪ (૨)]. આ બંધારણ હેઠળ જમીન ખેડનારા ખેડૂતને જમીન મેળવવાની બંધી કરવામાં આવી છે, દેશી રાજ્યોની પ્રજાઓને નિઝામ અને રાજ–પ્રમુખોને હકાલપટ્ટી આપવાની મનાઇ ફરમાવવામાં આવી છે. પરદેશી મૂડીદારોના અસ્તિત્વ અને તેમના વર્ચસ્વનો અંત આણવાની યે સત્તા જનતાના હાથમાં નહિ હોય; કારણ કે પરદેશી મૂડીદારોના શોષણના હક્કને અબાધિત અધિકાર તરીકે બંધારણમાં સ્વીકારવામાં આવ્યો છે. વધુ ઓછા પ્રમાણમાં જનતાનો વિશ્વાસ ધરાવનાર કોઇ પણ લોકપ્રિય પક્ષ ધારાસભામાં (પાર્લામેન્ટમાં) બહુમતિ મેળવે તો યે, બ્રિટિશોએ કરેલા કરજ ઉપરનું વ્યાજ, તાતાઓએ કરેલા કરજ ઉપરનું વ્યાજ, રેલ્વેને આપવામાં આવેલા બોંડ ઉપર વ્યાજ રૂપે ખંડણી, 'મિશ્રીત' મૂડીદારી કંપનીઓને અપાતી નફાની રકમો, આ બધું રાજ્યને પોતાની તિજોરીમાંથી ભરવાનું રહેશે. ધારાસભાને તેના પર મત આપવાનો કોઇ અધિકાર હશે નહિ.

ધંધા પરના કરની ઓછામાં ઓછી મર્યાદા રૂા. ૨૫૦ આંકવા જેવી નાનામાં નાની બાબતથી માંડીને તે બ્રિટિશોએ ઉભા કરેલા નોકરશાહી તંત્ર, યથાવત ચાલુ રાખવાની બાબત સુધ્ધાં આ બંધારણમાં એટલી ઝીણવટપૂર્વક નક્કી કરવામાં આવી છે કે, આ બનાવટી ચૂંટણી તંત્ર ઉભું કર્યા પછી યે ગમે તે પક્ષ સત્તામાં આવે તો પણ, રાજ્યનું સ્વરૂપ સંપૂર્ણ પ્રત્યાઘાતી જ રહેવા પામે.

બંધારણમાં આ ચૂંટણી–તંત્રને ય ખતમ કરી દેવામાં આવ્યું છે અને રાજ્યનો સંપૂર્ણ કાબુ સ્થાપિત હિતો અને તેના શાહીવાદી માલેકોના હાથમાં મૂકી દેવામાં આવ્યો છે. એ માટે લુસખોર, જૂલમી અને પ્રજાદ્રોહી નોકરશાહીનો, રાજ્યના લશ્કર અને પોલિસ તંત્રનો, ખાસ પસંદ કરેલા માણસોની બનેલ

ઉપલી ધારાસભાને અને આડકતરી રીતે પસંદ કરેલા તેમજ સરમુખત્યારી સત્તાઓ ધરાવતા રાજ્યના પ્રમુખનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

એ જ પ્રમાણે, આ બંધારણમાં, પોતાના હક્કો માટે હિલચાલ કરવા શ્રમજીવી જનતા અને કચડાયેલા મધ્યમ વર્ગના અધિકારનો ઇન્કાર કરવામાં આવ્યો છે; યુનિયનો બનાવવાનો અને હડતાળ પર જવાનો તેમનો હક્ક નકારવામાં આવ્યો છે; સ્થાપિત હિતોના અત્યાચારો સામે પોતાનું સ્વરક્ષણ કરવા શસ્ત્ર ધારણ કરવાનો તેમનો અધિકાર નાકબુલવામાં આવ્યો છે.

અને આખરમાં, કેસ ચલાવ્યા વિના જેલમાં બંધ કરવાની શિક્ષા પર બંધારણની કાયદેસરની મહોર મારવામાં આવી છે, તથા સ્થાપિત હિતોને મરજીમાં આવે ત્યારે, ખુદ બંધારણને ઠોકે ઉડાવી ફતવાઓ દ્વારા રાજ કરવાની સત્તા—અમર્યાદ સરમુખત્યારી આપવામાં આવી છે. આ રીતે જનતાના હિંદને એક પ્રકારનું વિશાળ કેદખાનું આ બંધારણ દ્વારા બનાવી દેવામાં આવ્યું છે.

આમ, આ બંધારણના ફાડીને ફૂરચા ઉડાવી દીધા સિવાય અને એ બંધારણ દ્વારા નિર્માણ થનારા રાજ્યને જમીનદોસ્ત કર્યા સિવાય જનતા પોતાની સત્તા સ્થાપિત કરી શકશે નહિ અને ત્યાં સુધી તે પોતાના મૂળભૂત હક્કો મેળવી શકશે નહિ. અત્યારે જ્યારે નવી દિલ્હીમાં "જીહજુર" બંધારણના ઘડતરનું નાટક ભજવાઇ રહ્યું છે ત્યારે બહાર જનતાનો અસંતોષ બઢી રહ્યો છે. આપણો સત્તા-ધારી વર્ગ એ જોઇને કંપી રહ્યો છે. એથી જ તે ચર્ચાને ઝટપટ સમેટવા લાગ્યો છે, આ પ્રત્યાઘાતી બંધારણને ધોરણે જલ્દી ચૂંટણી કરવાની તૈયારી પાછળ મંડ્યો છે. ચૂંટણીની ગાજવીજ ઉભી કરીને બંધારણના પ્રત્યાઘાતી સ્વરૂપને ઢાંકવા તે મથી રહ્યો છે, અને બહુ મોડું થઇ જાય એ પહેલાં, કોઇ પણ ઉપાયે સત્તાના આસને આવી જવાની વેતરણમાં પડ્યો છે. એક વાર સત્તામાં આવ્યા પછી, જનતાની લોકશાહી લડતોને દાબી દેવાનાં તમામ જરૂરી સાધનો તેના હાથમાં આવી ગયાં હશે એવું તે માને છે.

જનતાના સાચા લોકશાહી રાજ્યનું સ્વરૂપ

જનતા સત્તાધારી વર્ગનું ખરું સ્વરૂપ ઝડપભેર સમજવા લાગી છે, પણ એ બોધપાઠ પચાવવાનો વેગ તેણે હજીય વધારવો જોઇએ. તેણે સંગઠિત થઇને આ બંધારણ સામે મક્કમ લડત ઉપાડવી જોઇએ. તેણે આ બંધારણના ચીરેચીરા ઉડાવી દેવાની માંગ ઉઠાવવી જોઇએ અને લોકશાહી બંધારણ તથા જનતાના સાચા પ્રજાસત્તાકની સ્થાપનાની લડત શરૂ કરવી જોઇએ. જનતાના સાચા પ્રજા-સત્તાક રાજ્યનો પાયો નીચેની ભૂમિકા પર ઉભો થવો જોઇએ.

(૧) બ્રિટિશ સામ્રાજ્ય સાથેનો સંબંધ સંપૂર્ણપણે ખતમ કરી ખરેખરી સંપૂર્ણ આઝાદીની ઘોષણા કરવી.

(૨) કામદારો, મહેનતકશ કિસાનો અને કચડાયેલ મધ્યમ વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી લોકશાહી સરકારની સ્થાપના કરવી. એ સરકાર બ્રિટિશ–અમરિકી શાહીવાદ આથેની ભાગિયાગીરીનો વિરોધ કરશે અને શાંતિ તેમજ તમામ રાષ્ટ્રોની આઝાદી માટે મથતાં લોકશાહી રાષ્ટ્રો સાથે દોસ્તી કરશે.

(૩) પુખ્ત મતાધિકાર અને સપ્રમાણ પ્રતિનિધિત્વને ધોરણે ઘડાયેલું બંધારણ અમલમાં આણશે. એ બંધારણમાં સામાન્ય જનતાને સંપૂર્ણ આઝાદી અને લોકશાહીની બાંહેધરી આપવામાં આવશે અને તેના મૂળભૂત આર્થિક અધિકારોને માન્ય કરવામાં આવશે.

(૪) લઘુમતિના ન્યાયી અને લોકશાહી હક્કો બંધારણમાં માન્ય કરવામાં આવશે; લઘુમતિની ભાષા અને સંસ્કૃતિને સમાન ગણવામાં આવશે તથા તેને રક્ષણ આપવામાં આવશે. કોમ, જાતિ અને ધર્મના ભેદભાવના ધોરણે થતા અન્યાયો તેમજ અપાતી સગવડોને કાયદાથી રદ કરવામાં આવશે અને એનો ભંગ કરનારને સજા કરવામાં આવશે.

(૫) રાષ્ટ્રીય ઘટકોને, અલગ થવાના અધિકાર સહિત આત્મનિર્ણયનો હક્ક રહેશે. હિંદી સંઘ મરજીયાત એકતાના ધોરણે ઉભું થયેલું રાજ્ય હશે અને ભાષાભાષી પ્રાંતોને સ્વાયત્ત સત્તા આપવામાં આવશે.

(૬) દેશી રાજ્યોમાં રજવાડાંશાહી અને સામંતી રાજવ્યવસ્થાનો નાશ કરવામાં આવશે અને સંપૂર્ણ લોકશાહીની સ્થાપના થશે.

(૭) આદીવાસીઓ અને અન્ય પછાત લોકોને આર્થિક, સાંસ્કૃતિક ને રાજકીય દમનમાંથી મુક્તિ મળશે. તેમને સંપૂર્ણ લોકશાહી હક્કો અને એના વિકાસ માટે ઝડપી તથા પૂરતી રાજ્યની મદદ મળશે કે જેથી, આગળ વધેલાં રાષ્ટ્રીય ઘટકોની બરોબરીમાં આવવા તે ઝડપથી પોતાનો વિકાસ કરી શકે. મોટા પ્રમાણમાં આદીવાસી વસતી ધરાવતા અને એક સળંગ પ્રદેશવાળા વિસ્તારોના લોકોને પ્રાદેશિક સ્વાયત્તતા આપવામાં આવશે. તેઓ પ્રાંતોની અંદર રહીને પોતાના સ્વાયત્ત ઘટકની રચના કરી શકશે અને એ પ્રદેશના સામાન્ય કારોબારમાં તથા ખાસ કરીને, પ્રાદેશિક મહત્વની આર્થિક તેમજ સાંસ્કૃતિક બાબતોમાં એ પ્રદેશોની અંદર તેમને પૂરેપૂરી સત્તા રહેશે. આવા વિસ્તારો કે પ્રાંતોના લોકોને, જનતાના લોકશાહી નિર્ણય અનુસાર હિંદી રાજ્યમાંથી અલગ પડવાનો અધિકાર રહેશે.

(૮) શ્રમજીવી જનતાનાં હિતોની દૃષ્ટિએ, હિંદી સંઘ અને પાકિસ્તાન વચ્ચે પરસ્પર આર્થિક મદદ માટે સહકાર કરવામાં આવશે. શાહીવાદી દરમ્યાનગીરી અને પરદેશી આક્રમણ સામે લશ્કરી અને રાજકીય દોસ્તી સ્થાપવામાં આવશે. અને બ્રિટિશ–અમરિકી જૂથ સામે લોકશાહી રાષ્ટ્રોના સહકારમાં સાચી લોકશાહી પરદેશ નીતિ અપનાવવામાં આવશે.

(૯) કોઈ પણ જાતના વળતર વિના જમીનદારીની નાબુદી અને ખેડનારને જમીન. જમીનદારી પદ્ધતિની નાબુદીનો અર્થ એ કે બેઠાખાઉ જમીનદારોની ખાસ જમીન જપ્ત કરવી અને ગણોતિયા તથા ભાગે ખેડનારાઓને જર આપવી. ગામડાંની જનતા પરનું દેવું ખતમ કરવું અને શાહુકારી વ્યાજખોરીનો અંત આણવો. ખેત–મજુરોને જીવવા પૂરતી રોજી આપવી.

(૧૦) બેંકો, ઉદ્યોગો, વાહનવ્યવહારનાં સાધનો, ચાના બગીચા ખાણો, વગેરેની અંદરની પરદેશી મૂડીને રાજ્યે જપ્ત કરવી અને આ ઉદ્યોગો રાષ્ટ્રની માલિકીના બનાવવાં.

(૧૧) મોટ મોટા ઉદ્યોગો, મોટી બેંકો અને ઇન્સ્યુરન્સ કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરવું; કામદારોનો તેના પર કાબુ સ્થાપવો; કામદારોને જીવવા પૂરતી રોજી, આઠ કલાકનો દિવસ વગેરેની ખાત્રી આપવી.

(૧૨) હિંદની સાધન સામગ્રીના વિકાસ માટે આર્થિક યોજના ઘડવી અને અગત્યના તમામ આર્થિક ક્ષેત્રોમાંથી મોટા મૂડીદારોને દૂર કરવા. જે ઉદ્યોગો ખાનગી માલિકના હોય તેના નફાઓ પર અંકુશ.

(૧૩) તમામ દમનકારી કાયદાઓ રદ કરવા.

(૧૪) રાજ્યના નોકરશાહી વહીવટી તંત્રને દૂર કરવું ને એની જગ્યાએ લોકોએ ચૂંટેલા અમલદારો ધરાવતા લોકશાહી વહીવટી તંત્રની સ્થાપના કરવી; જે વહીવટી તંત્રનું લોક–સમિતિઓ માર્ગદર્શન કરશે.

(૧૫) જનતાનું સાચું લોકશાહી સૈન્ય ઊભું કરવું.

(૧૬) મફત શિક્ષણ અને પ્રાથમિક ફરજિયાત શિક્ષણનો હક્ક આપવો.

(૧૭) સ્ત્રીઓને સમાન લોકશાહી અધિકાર આપવો.

★